# ફ્લિપકાર્ટે એની લાસ્ટ-માઇલ ડિલિવરીમાં ઇલેક્ટ્રિક વાહનો (ઇવી)ના ઉપયોગને વેગ આપવા મહિન્દ્રા લોજિસ્ટિક્સની EDEL સાથે જોડાણ કર્યું

- વર્ષ 2030 સુધીમાં 100 ટકા ઇવી સ્વીકાર્યતા પ્રત્યે પોતાની કટિબદ્ધતાને અનુરૂપ ફ્લિપકાર્ટે આ પરિવર્તનમાં મદદરૂપ થવા EDEL સાથે જોડાણ કર્યું
- EDEL પર્યાવરણને અનુકૂળ એન્ડ-ટૂ-એન્ડ ડિલિવરી સેવાઓ પ્રદાન કરશે, જેમાં ઇલેક્ટ્રિક વાહનો, તાલીમબદ્ધ ડ્રાઇવર-કમ-ડિલિવરી એસોસિએટ્સ, ચાર્જિંગ સ્ટેશનો જેવી માળખાગત સુવિધા અને સંપૂર્ણ ટેકનોલોજી આધારિત કન્ટ્રોલ ટાવર સામેલ છે

---

**બેંગાલુરુ / મુંબઈ - 6 એપ્રિલ, 2021:** ભારતની સ્વદેશી ઇ-કોમર્સ માર્કેટપ્લેસ ફ્લિપકાર્ટે આજે જાહેરાત કરી હતી કે કંપનીએ દેશમાં એના તમામ લોજિસ્ટિક્સ કાફલામાં ઇલેક્ટ્રિક વાહનો ઝડપથી સમાવવામાં મદદ કરવા એના ચાવીરૂપ લોજિસ્ટિક્સ પાર્ટનર્સ પૈકીના એક મહિન્દ્રા લોજિસ્ટિક્સ લિમિટેડ (એમએલએલ) સાથે જોડાણ કર્યું છે. ફ્લિપકાર્ટ એના લોજિસ્ટિક્સ કાફલામાં 100 ટકા ઇલેક્ટ્રિક મોબિલિટી માટે પ્રતિબદ્ધ છે અને વર્ષ 2030 સુધીમાં 25,000થી વધારે ઇલેક્ટ્રિક વાહનો ઉતારશે. મહિન્દ્રા લોજિસ્ટિક્સ વિવિધ ઓઇએમ સાથે કામ કરવા નોંધપાત્ર ભૂમિકા ભજવશે તથા ફ્લિપકાર્ટના ઇલેક્ટ્રિક વાહનો સ્વરૂપે પર્યાવરણને અનુકૂળ પરિવહન તરફ અગ્રેસર થવામાં મદદરૂપ થશે.

પર્યાવરણને અનુકૂળ વ્યવસાયિક પદ્ધતિઓ તરફ સહિયારી પ્રતિબદ્ધતા અને વિઝન સાથે મહિન્દ્રા લોજિસ્ટિક્સે વર્ષ 2020ના અંતે એની પોતાની ઇલેક્ટ્રિક ડિલિવરી બ્રાન્ડ EDEL લોંચ કરી છે. EDELએ ભારતમાં છ શહેરોમાં પર્યાવરણને અનુકૂળ રીતે ડિલિવરી કરવા કન્ઝ્યુમર અને ઇ-કોમર્સમાં કાર્યરત કંપનીઓ સાથે જોડાણ કર્યું છે. EDEL મારફતે એમએલએલ ફ્લિપકાર્ટને એની પર્યાવરણને અનુકૂળ સપ્લાય ચેઇન ઊભી કરવાની સફર માટે મોટી સંખ્યામાં ઇલેક્ટ્રિક વાહનો પ્રદાન કરવાની સાથે સમગ્ર દેશમાં ઇલેક્ટ્રિક વાહનો ઉતારવા અને કામગીરી માટે સાનુકૂળ વાતાવરણ પણ ઊભું કરશે. એમાં ચાર્જિંગ સ્ટેશનો અને પાર્કિંગ લોટ્સ, વર્કફોર્સને તાલીમ, રુટ આયોજન અને નજીકના ભવિષ્યમાં બેટરી સ્વેપિંગ સ્ટેશનો જેવી માળખાગત અને ટેકનોલોજી સ્થાપિત કરવામાં મદદ સામેલ છે. વધારે કાર્યદક્ષતા અને ખર્ચ સ્પર્ધાત્મકતા માટે સક્ષમ બનાવવા અન્ય એક કેન્દ્રિત ક્ષેત્ર ટેકનોલોજી અને ટાવરની નિયંત્રિત કામગીરી હશે.

ફ્લિપકાર્ટે ઘણી ઓઇએમ સાથે જોડાણ કર્યું છે તથા એની સપ્લાય ચેઇનમાં ટૂ અને થ્રી વ્હીલ ઇલેક્ટ્રિક વાહનો પ્રસ્તુત કર્યા હતા. કંપનીની એમએલએલ EDEL સાથે જોડાણ એને વેગ આપશે અને રાષ્ટ્રીય સ્તરે ઇલેક્ટ્રિક વાહનોનો કાફલો વધારવામાં મદદરૂપ થશે, જેનાથી ચાર્જિંગ, ટ્રેકિંગ, એસેટ, સલામતી અને ખર્ચમાં માળખાગત અને ટેકનોલોજી સુવિધા વધશે. પોતાની ઇલેક્ટ્રિક ડિલિવરી બ્રાન્ડ EDEL અંતર્ગત એમએલએલ ઓઇએમ પાસેથી વિવિધ પ્રકારના અને વર્ગના ઇલેક્ટ્રિક વાહનોની ખરીદી કરશે, કારણ કે કંપની અખિલ ભારતીય સ્તરે ઇલેક્ટ્રિક વાહનોની હાજરી ઊભી કરશે. EDEL ઇલેક્ટ્રિક વાહનોનો સૌથી મોટો કાફલો ધરાવે છે અને હવે એનો ઉદ્દેશ આગામી મહિનાઓમાં ફ્લિપકાર્ટના ઉદ્દેશોને પાર પાડવા નોંધપાત્ર રીતે આ કાફલામાં નોંધપાત્ર વધારો કરવાનો છે. બેંગાલુરુ, મુંબઈ, દિલ્હી, પૂણે, કોલકાતા અને હૈદરાબાદ સહિત વિવિધ શહેરોમાં

કાર્યરત EDEL વર્ષના અંત સુધીમાં ટોચના 20 શહેરોને આવરી લેવાની યોજના ધરાવે છે, જેનાથી ફ્લિપકાર્ટને ભારતમાં પુરવઠાની સાંકળ માટે ઇલેક્ટ્રિક વાહનોમાં સરળતાપૂર્વક અને તબક્કાવાર રીતે આગળ વધવામાં મદદ મળશે.

**ફ્લિપકાર્ટના સપ્લાય ચેઇનના એસવીપી હેમંત બદરીએ** કહ્યું હતું કે, "લોજિસ્ટિક્સ કાફલાનું ઇલેક્ટ્રિફિકેશન ફ્લિપકાર્ટના વિસ્તૃત સસ્ટેઇનેબિલિટી લક્ષ્યાંકનો મહત્ત્વપૂર્ણ ભાગ છે અને કંપની માટે ચાવીરૂપ ક્ષેત્ર છે. અમને લોજિસ્ટિક્સ પાર્ટનર તરીકે મહિન્દ્રા લોજિસ્ટિક્સને બોર્ડ પર લેવાની ખુશી છે, જે વર્ષ 2030 સુધીમાં અમારા લોજિસ્ટિક્સ કાફલાના અમાલા વિઝનને પાર પાડવામાં મદદરૂપ થવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. સહિયારા પ્રયાસ દ્વારા અમારો ઉદ્દેશ એવા સોલ્યુશનો ઊભા કરવાનો અને ટેકો આપવાનો છે, જે સમગ્ર દેશમાં ઇલેક્ટ્રિક વાહનોની સ્વીકાર્યતાને વેગ આપશે અને તબક્કાવાર રીતે આપણા લોજિસ્ટિક કાફલાને 100 ટકા ઇલેક્ટ્રિક વાહનો તરફ દોરી જશે."

આ સીમાચિહ્ન પર **એમએલએલના સીઇઓ અને એમડી શ્રી રામપ્રવીણ સ્વામિનાથને કહ્યું હતું કે**, "મહિન્દ્રા લોજિસ્ટિક્સ અમારી RISE ફિલોસોફીને અનુરૂપ પર્યાવરણલક્ષી સોલ્યુશનો પર કટિબદ્ધ છે. ઇવી આધારિત લાસ્ટ માઇલ ડિલિવરી સર્વિસ EDEL એને સુસંગત છે અને ગ્રાહકોને સસ્ટેઇનેબલ, ખર્ચ સ્પર્ધાત્મક અને ટેકનોલોજીથી સક્ષમ લાસ્ટ-માઇલ ડિલિવરી સોલ્યુશન પ્રદાન કરશે. અમારું ધ્યાન મોટા ઉદ્યોગસાહસિક ગ્રાહકો સાથે જોડાણ પર આધારિત અમારા નેટવર્કને વધારવા પર કેન્દ્રિત છે. અમને ફ્લિપકાર્ટ સાથે આ જોડાણ પર ખુશી છે અને તેમની સાથે જોડાણ કરવા આતુર છીએ."

તાજેતરમાં ફ્લિપકાર્ટે અગ્રણી ઇલેક્ટ્રિક વાહન ઉત્પાદકો સાથે જોડાણ કર્યું છે, જેમાં હીરો ઇલેક્ટ્રિક, મહિન્દ્રા ઇલેક્ટ્રિક અને પિયાજિયો સામેલ છે, જેથી દેશભરમાં એના લોજિસ્ટિક્સ કાફલામાં ઇલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ કરી શકાય. પોતાના સસ્ટેઇનેબિલિટી વિઝનને અનુરૂપ કંપની ઇલેક્ટ્રિક મોબિલિટીના ઘણાં પાસાંઓ પર કેટલીક ઇકોસિસ્ટમ પાર્ટનર્સ સાથે જોડાણ કરવા કામ પણ કરે છે, જેમાં વાહનની ડિઝાઇન, રેન્જ, લોડ ક્ષમતા વગેરે સામેલ છે, જેથી કસ્ટમાઇઝ વાહનો બનાવી શકાય, જે ઇ-કોમર્સ ઉદ્યોગ માટે શ્રેષ્ઠ રીતે અનુકૂળ હોય.

મહિન્દ્રા લોજિસ્ટિક્સ દ્વારા EDEL ઇલેક્ટ્રિક વાહનો પર લાસ્ટ-માઇલ ડિલિવરી કાર્ગો સર્વિસ છે. EDEL વિવિધ ઓફર કરે છે, જેમાં પેકેજ અને ટ્રિપ-આધારિત સેવાઓ સામેલ છે. આ ઓફરો ગ્રાહકોને સ્કેલેબલ, સસ્ટેઇનેબલ અને વાજબી ખર્ચના સોલ્યુશન પ્રદાન કરે છે. લોડ ક્ષમતા અને હાલ આઇસીઇ વિકલ્પો સાથે સરખામણી કરી શકાય એવી સંવર્ધિત રેન્જ સાથે EDEL ગ્રાહકોને ઇ-કોમર્સ, એફએમસીજી, ફાર્માસ્યુટિકલ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને ઇલેક્ટ્રોનિક્સ ઉદ્યોગોમાં ગ્રાહકોને કાર્યદક્ષતામાં નોંધપાત્ર વેગ આપશે અને જવાબદાર વિતરણ માટે લાસ્ટ-માઇલ ડિલિવરી સોલ્યુશન પ્રદાન કરશે.

## About the Flipkart Group

The Flipkart Group is one of India's leading digital commerce entities and includes group companies Flipkart, Myntra, and Flipkart Wholesale. Started in 2007, Flipkart has enabled millions of consumers, sellers, merchants, and small businesses to be a part of India's e-commerce revolution, with a registered customer base of over 300 million, offering over 150 million products across 80+ categories. Our efforts to democratize e-commerce in India, drive access and affordability, delight customers, create lakhs of jobs in the ecosystem and empower generations of entrepreneurs and MSMEs have inspired us to innovate on many industry firsts. The recent launch of Flipkart Wholesale, our new digital marketplace, is a testament to our commitment to accelerate the growth of kiranas and MSMEs in India. Flipkart is known for pioneering services such as Cash on Delivery, No Cost EMI and easy returns – customer-centric innovations that have made online shopping more accessible and affordable for millions of Indians. Together with Myntra, which holds a prominent position in the online fashion market and now Flipkart Wholesale, the Flipkart Group will continue to steer the transformation of commerce in India through technology.

## About Mahindra Logistics

Mahindra Logistics Limited (MLL) is an integrated third-party logistics (3PL) service provider, specializing in supply chain management and enterprise mobility (people transport solutions). Founded more than a decade ago, MLL serves over 400+ corporate customers across various industries like Automobile, Engineering, Consumer Goods and E-commerce. The Company pursues an "asset-light" business model, providing customised and technology enabled solutions that span across the supply chain and people transport operations. MLL is part of the Mobility Services Sector of the Mahindra Group.

For more information, visit www.mahindralogistics.com

## About Mahindra

The Mahindra Group is a USD 20.7 billion federation of companies that enables people to rise through innovative mobility solutions, driving rural prosperity, enhancing urban living, nurturing new businesses and fostering communities. It has a leadership position in utility vehicles, information technology, financial services and vacation ownership in India and is the world's largest tractor company, by volume. It also enjoys a strong presence in agribusiness, components, commercial vehicles, consulting services, energy, industrial equipment, logistics, real estate, steel, aerospace, defence and two wheelers. Headquartered in India, Mahindra employs over 200,000 people across 100 countries.

Learn more about Mahindra on www.mahindra.com / Twitter and Facebook: @MahindraRise

**For more information, please contact media@flipkart.com**